**રવિન્દ્રનાથ ટાગોરે ગોપાલકૃષ્ણ ગોખલેને 1913માં જણાવ્યું હતું કે "તમારા જેવા માણસે હંમેશા યાદ રાખવું જોઈએ કે તમારું જીવન દેશની સેવા માટે છે અને તે બીજાના જીવનમાં હંમેશા પ્રકાશ પૂરો પાડે છે."**

તે જ રીતે શ્રી. રતિલાલ પ્રેમચંદ ચંદરયા ઘણા બધા લોકો માટે ઘણું વિશિષ્ટ સ્થાન ધરાવે છે પણ મારા માટે તે મારા પિતા તુલ્ય હતા.

મને હજી પણ જુલાઈ 2005નો એ વરસાદી દિવસ યાદ છે. એક દિવસ અમને એક ફોન આવ્યો કે શ્રીમાન રતિલાલ ચંદરયા આપને મળવા માંગે છે. એ વખતે અમને એ કોણ છે એના વિશે કોઈ જ માહિતી ન હતી પણ અમે મળવા માટેની અનુમતિ આપી. મારી અને મારી ટીમ માટે એ એક અનોખો અનુભવ હતો કેમકે રતિભાઈ અમને કોઈને સાંભળી શકતા ન હતા. સચિન અમારી વાતને તેમના સુધી પહોંચાડવા માટેના મધ્યસ્થીની ભૂમિકા નિભાવતો હતો. તેઓ અમારા વિશે અને અમે ગુજરાતીભાષા વિશે જે કોઈ કાર્ય કરેલ હતું તે જાણવા ખૂબ ઉત્સુક હતા. એમને અમને ઘણાં બધા પ્રશ્નો પૂછ્યા અને તેમાનાં ઘણાં પ્રશ્નોના જવાબ આપવા અમારા માટે સરળ ન હતા. એમણે મને એમના સ્વપ્નીલ પ્રોજેક્ટ ઉપર થોડું સંશોધન કરવાની જવાબદારી સોંપી. મેં તેમ કરવાની હા પાડી અને ત્યાર બાદ તેઓ ચાલ્યા ગયા. સાચું કહું તો એ પ્રોજેક્ટ વિશેની માહિતી મેળવીને હું બહુ ઉત્સાહી અને આશ્ચર્યચકિત હતો. મેં એમના દ્વારા કરવામાં આવેલ અસાધારણ કાર્યની રજે રજની માહિતી મેળવી. ત્યારબાદ અમારી તેમની સાથેની મુલાકાત વધતી ગઈ અને અમે સાથે કામ કરવાનું શરૂ કર્યું.

આ સમયગાળા દરમ્યાન મને વ્યક્તિ તરીકે રતિભાઈની સાચી ઓળખ થઈ. તેઓ દૃઢ મનોબળ ધરાવતા હતા અને તેમની યાદશક્તિ અને વિચારશક્તિ એકદમ તેજ તર્રાર હતી. આ ઉંમરે પણ એમની કાર્ય કરવાની શક્તિ અને ઉત્સાહ ભલ ભલા યુવાનોને શરમાવે તેવી હતી. બીજી તરફ તેઓ એટલા જ દયાળુ અને બધાની ચિંતા કરનાર હતા. તેઓ એ પોતાનું આખું જીવન તેમના સ્વીકારેલા સિદ્ધાંતોને અનુસરીને ચાલ્યા હતા. આ અવસરે હું આપ સૌને એમના કેટલાક સિદ્ધાંતો ઉપર પ્રકાશ પાડું છું.

1. **કોઈપણ પ્રશ્નનો જવાબ ના ક્યારેય ના હોય :**

રતિકાકા હંમેશા કહેતા કે દરેક પ્રશ્નનો કોઈને કોઈ ઉપાય હોય છે. 'ના' કે 'અશક્ય છે' આ બાબતને તેઓ ક્યારેય સ્વીકારતા ન હતા. તેઓ જે પણ લક્ષ નક્કી કરે તે મેળવીને જ રહેતા હતા. તેઓ હંમેશા ઉપસ્થિત થતી મુશ્કેલીઓમાંથી માર્ગ શોધવાની કોશિશ કરતા અને તેમ કરવા માટે જો કોઈને મદદની જરૂર હોય તો વિના સંકોચ મદદ માટેની ટહેલ નાખતા હતા.
ગુજરાતીલેક્સિકોન પ્રોજેક્ટ માટે તેમણે તેમના જીવનના 20 વર્ષ કરતાં વધુ સમય આપ્યો છે. કંટાળ્યા વિના કે થાક્યા વિના અવિરત પણે તેમણે તેમના આ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે 20 વર્ષની આટલી લાંબી

સફર ખેડી છે. આ માટે એમણે વિશ્વભરના અનેક મંધાતાઓ અને માઇક્રોસોફ્ટ, એપલ, સીએમસી વગેરે જેવી સંસ્થાઓનો સંપર્ક સાધ્યો હતો. આખરે 13 જાન્યુઆરી 2006ના રોજ એમનું સ્વપ્ન સાકાર થયું અને ગુજરાતીલેક્સિકોનનું સફળતાપૂર્વકનું લોકાર્પણ થયું.

ફોન્ટ બનાવડાવવા માટે તેમણે પેરિસની પણ મુલાકત લીધી હતી. તેઓ એપલ સંસ્થાની મુલાકાતે ગયા અને ત્યાં કોઈ ભારતીય હોય તો તેની મદદ મેળવવા માટેની આશા રાખતા હતા. પેરિસમાં તેમને અરેબિક સ્પેલચેકર ઉપર કાર્યરાત વ્યક્તિની માહિતી મળી. ત્યાંથી તેઓ ટોરેન્ટો તેની મદદ મેળવવા માટે ગયા.

**2. હંમેશા તૈયાર**

રતિકાકા જે રીતે કોઈ પણ પ્રશ્નનો જવાબ – ના સ્વીકારતા ન હતા તે જ રીતે જો હંમેશા પ્રશ્નનનો ઉકેલ લાવાવા માટે હંમેશા તત્પર રહેતા. જો કોઈ કામ કોઈ કારણસર આગળ વધી ના શકે તેમ હોય તો તેઓ કોઈની આશા રાખ્યા વિના તે કાર્ય કરવાની શરૂઆત કરી દેતા હતા. તેઓ હંમેશા મને કહેતા હતા – આપ મૂઆ વિના સ્વર્ગે ના જવાય.

જો તેમને કોઈ તજ્જ્ઞ ના મળે તો તેઓ તેમના મદદનીશ, ડ્રાઇવર વગેરેની મદદ લઈ જાતે શબ્દો ટાઇપ કરવા લાગતા હતા.

ભગવદ્ગોમંડલના ડિજિટાઇઝેશનના કાર્ય વખતે કાકા જાતે ગોંડલ ગયા હતા અને ત્યાંના સ્થાનિક લોકો સાથે ડિજિટાઇઝેશનના હકો મેળવવા માટે વાત કરી. આમ તેઓ જો કોઈ પણ કાર્ય કરવામાં અંતરાય હોય તો તે દૂર કરવા માટે લોકોની મુલાકાત લેતાં અને તેનો ઉપાય શોધતા રહેતા.

**3. લક્ષ હંમેશાં ઊંચું રાખવું**

કાકા અને એમના પરિવારજનોને વિવિધ દેશોમાં સફળ અને સશક્ત વ્યાપારીકરણની સ્થાપના કરી છે. નિવૃત્ત થયા બાદ પણ તેઓ હંમેશા નવા નવા શિખરો સર કરવા માટે આતુર રહ્યા હતા.

ગુજરાતી તેમની માતૃભાષા હતી અને પોતાની માતૃભાષા માટે કંઈક કરવાની ખેવનાના કારણે જન્મ થયો ગુજરાતીલેક્સિકોનનો. તે હંમેશા ધ્યાન રાખતાં કે દરેક ભાષાપ્રેમી તેના કમ્પ્યૂટર ઉપર ગુજરાતીમાં કાર્ય કરી શકે અને દરેક ઉપલબ્ધ સાધનો ગુજરાતીમાં પ્રાપ્ત બને. તેમણે મધુરાય સાથે અને વિશ્વભરમાંથી અન્ય ઘણા લોકો સાથે ગુજરાતીના સૌપ્રથમ યુનિકોડ ફોન્ટ ઉપલબ્ધ બનાવવા માટે કાર્ય કર્યું હતું..

તેમણે અશક્ય કાર્યને શક્ય કરી બતાવ્યું છે. તેમણે એકલા હાથે એ કાર્ય કરેલ છે જે આજે વિવિધ

યુનિવર્સિટીઓ કે મોટી સંસ્થાઓ કે ગર્વમેન્ટ કરે છે. તેઓ હંમેશા કંઈક સારું કરી આપવા માટે પ્રયત્નશીલ રહ્યા છે.  જેટલો સમય અને શક્તિ તેમણે આવા ઉમદા કાર્ય પાછળ ફાળવેલ છે તેટલો જ સમય જો તેમણે તેમના વ્યવસાય પાછળ ફાળવેલ હોત તો આજે તે વધુ ઉચ્ચ શિખરે હોત. પણ તેમણે પોતાની માતૃભાષા માટે કાર્ય કરવાનું સ્વીકાર્યું હતું.

રોજ સવારે ઊઠતાંની સાથેનું પહેલું કાર્ય ગુજરાતીલેક્સિકોનના મુલાકાતીઓની સંખ્યા કેટલી થઈ તે ચકાસવાનું રહેતું અને ત્યારબાદ તેઓ તેમના દૈનિક કાર્યો કરતાં હતા.

**4. કૃતજ્ઞતા ભર્યું વલણ :**

આ દુનિયામાં દરેકને ડગલે ને પગલે કોઈની ને કોઈની મદદની જરૂર પડતી જ હોય છે અને બહુ ઓછા લોકો એવા હોય છે કે જે મદદ આપનારનો આભાર માને. કાકા હંમેશા તેમને મદદ કરનારનો ઉપકાર માનતા હતા અને જ્યારે પણ વાત નીકળે ત્યારે હંમેશા ફરીથી તે તે વ્યક્તિઓનો આભાર માનતા હતા.

**5. મુક્ત મને પ્રશંસા**

કાકાની મુલાકત ધીરુબહેન પટેલ સાથે કોઈએ કરાવી આપી હતી. તેમણે ધીરુબહેનને પોતાની અગવડતાની વાત કરી. એમણે ધીરુબહેનને જણાવ્યું કે કદાચ હું આ મારું સ્વપ્ન મારા જીવતેજીવ સાકાર થતું નહીં જોઈ શકું. ધીરુબહેનને તેમને સાંત્વના આપી કે હું તમને મદદ કરીશ અને દિલથી આ કાર્ય માટે તેમણે ઘણા બધાને વાત કરી. કાકા આ જોઈ ખૂબ ખુશ થયા. જ્યારે ગુજરાતીલેક્સિકોનના જાહેર લોકાર્પણનો સમય આવ્યો ત્યારે કાકાએ કહ્યું કે હું આનું લોકાર્પણ ધીરુબહેનના હસ્તે જ કરાવવા માંગું છું. આ લોકાર્પણ સમયે તેમના પરિવારજનોએ ઘણાં બધાં નામાંકિત વ્યક્તિઓને જેમકે શ્રી દિપક પારેખ, ડૉ. વીર શાહ વગેરે વગેરે પણ તેમણે ધીરુબહેનના હસ્તે જ આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરાવ્યું. લોકાર્પણ સમયે અને અવારનવાર હંમેશા તેમણે ધીરુબહેનનો જાહેરમાં આભાર વ્યક્ત કર્યો છે.

**6. સ્ત્રીને માન આપો અને પ્રોત્સાહિત કરો**

જીવનના દરેક ક્ષેત્રે તેમણે સ્ત્રીઓને પ્રોત્સાહિત કરી છે. તેઓ અર્નિઓન ટેક્નૉલૉજીની સ્થાપના સ્ત્રીઓ દ્વારા કરવામાં આવી છે તે જાણીને ખૂબ પ્રસન્ન થયા હતા અને ટીમ દ્વારા કરવામાં આવેલા કાર્યોને જોઈને ધન્યતા અને ગર્વની લાગણી અનુભવતા હતા. વિજ્યાકાકી એ એમના જીવનની એક મોટી નબળાઈ હતી તેમનું નામ માત્ર કાકાની આંખમાં પાણી લાવી દેતું હતું. જેમ 26 જાન્યુઆરી નજીક આવતી જાય તેમ તેમ તે ભાવનાશીલ બનતા જાય.

**7. સંબંધોની મહત્ત્વતા**

કાકાએ આજીવન સંબંધોને ખાસ મહત્ત્વ આપ્યું છે. તે સંબંધો જાળવી રાખવા માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. તેઓ વ્યક્તિગત રીતે તેમના સંપર્કમાં રહેતા લોકોના જીવનમાં શું ચાલે છે તેની માહિતી રાખતા હતા.

એંશી વર્ષની જૈફ વયે પણ તેઓ તેમના અંતરંગ મિત્ર શ્રી ઉત્તમભાઈને મળવા સુરત દોડી ગયા હતા અને એક આખો દિવસ તેમની સાથે વિતાવ્યો હતો. ઉત્તમભાઈનું ઘૂંટણના દુખાવાનું ઓપરેશન કેવી રહ્યું કે, ઉત્તમભાઈ અને મધુબેન દર વર્ષે નેચરોપથી સેન્ટર જતા હતાં ત્યાં તેમનો અનુભવ કેવો રહ્યો તે દરેક બાબતો તેમને જણાવવાની તાકીદ તેઓ ઉત્તમભાઈને હકથી કહેતા હતા.

તેઓ જ્યારે પણ અમદાવાદ આવે ત્યારે હંમેશા કુમારપાળભાઈ, પ્રભાબેન, કસ્તૂરભાઈ, તુષારભાઈ ભટ્ટની મુલાકાત લેતા અથવા ઈમેલ દ્વારા સંદેશાની આપલે કરતા. તેઓ હંમેશા મારી સાથે સ્કાઈપ પર વાતો કરતા હતા અને સમયાંતરે ધીરુબહેન અને વિપુલભાઈ બધા મઝામાં છે કે નહીં તેની જાણકારી મેળવતા હતા.

તેઓ જ્યારે પણ ભારત પરત ફરતાં ત્યારે હંમેશા તેમને મળવા આવવા માટેનો તેમના તરફથી આદેશ મળતો હતો. હું જ્યારે પણ તેમના મુંબઈ ખાતેના નિવાસસ્થાનની મુલાકાત લેતો ત્યારે મારું મનપસંદ શાક બન્યું છે કે નહીં તેની અને જમ્યા બાદ પાન અને પાણીપુરીની વ્યવસ્થા થઈ છે કે નહીં તેની ખાતરી કરતા. તેઓ ભારત બહાર હોય ત્યારે સ્કાયપ દ્વારા હંમેશા મારી સાથેનો સંપર્ક જાળવી રાખતા હતા. હું જ્યારે લંડન ગયો હતો ત્યારે તેમણે અમારા બંન્ને માટેની ચા પોતાની જાતે બનાવી હતી અને હું જ્યારે તેમના ઘરેથી બહાર નીકળ્યો ત્યારે લંડનના ભોમિયા તરીકે મને લંડન વિશેની બધી માહિતી આપી. હું ઘરે પાછો ફરું ત્યાં સુધી તેઓ મારી રાહ જોતા જાગતા રહેતા હતા અને આખો દિવસ મેં શું કર્યું તેની જાણકારી મેળવતા હતા. તેમની મોટાભાગની ચર્ચાનો વિષય ગુજરાતી ભાષા, ટેક્નોલૉજી અને કેવી રીતે લોકોને મદદરૂપ થઈ શકાય તે રહેતો. તેઓ ક્યારેય પોતાના વિશે વાત કરતાં નહીં.

મારા જીવનના અગત્યના પ્રસંગો જેમ કે મારા લગ્ન, મારા દિકરા આદિત્યનો જન્મ કે પછી અન્ય કોઈપણ પ્રસંગ હોય તેઓ હંમેશા મારે પડખે રહ્યા છે. જ્યારે મારી પત્ની ગર્ભાવસ્થાના સમયમાંથી પસાર થઈ રહી હતી ત્યારે અને ત્યારબાદ પણ તે તેણીને ઈમેલ કરતા. ગર્ભાવસ્થા પછી મારા પરિવારજનો કરતાં પણ પહેલાં તેમણે મારી પત્ની અને બાળકની મુલાકાત લીધી હતી. હું જ્યારે પણ દ્વિધામાં હોવું કે કોઈ નિર્ણય કરવામાં મુશ્કેલી અનુભવું તો તેઓ હંમેશા મને સાચું માર્ગદર્શન કરતા હતા. મારા માટે તેઓ મારા જીવનના એક સાચા માર્ગદર્શક હતા તેઓ અમદાવાદ ખાતેના મારા નિવાસસ્થાને રોકાતા અને અમે કુલ્ફીની મજા માણતા માણતા સમય ક્યાં સરકી જાય છે તેની ખબર રહેતી ન હતી. તેઓ ખાવાના શોખીન હતા. હવે એ સમય ફરી પાછો આવવાનો નથી તેની મને ખબર છે.

કાકા હંમેશા સાદગીભર્યું જીવન જીવતા હતા. મારા લગ્નના પહેલા વર્ષેની ઉજવણી નિમિત્તે મેં જ્યારે

મહાબાળેશ્વર જવાનું નક્કી કર્યું તે સમયે કાકા ભારતમાં હતા અને મેં એમને અમારી સાથે જોડાવા જણાવ્યું. તેઓ એ મને મારી એકાંત પળોને માણવા જણાવ્યું, ખેદ સાથે જણાવીશ કે કાકા સાથે ક્યારેય પણ મને રજાઓ ગાળવા મળી નહીં. કાકા જ્યારે અમારી સાથે મહાબાળેશ્વર આવી રહ્યા હતાં ત્યારે તેમણે ગાડીને પૂના થોભાવડાવી અને ત્યાં સીડેકની મુલાકાત લીધી અને સીડેકના માણસોને અમને OCRમાં મદદરૂપ થવા જણાવ્યું.

હું મારી જિંદગીમાં આ પહેલાં કયારેય આવા વિનમ્ર અને સેવાભાવી માણસને મળ્યો નથી. તેઓ એ ક્યારેપ પોતે આપેલા ફાળા વિશે કે મેં આમ કર્યું કે પોતાના ભૂતકાળ વિશે વાતો કરી નથી. તેઓ હંમેશા આવનારી પેઢીના ભવિષ્યનો જ વિચાર કરતા અને તે દિશામાં પ્રયત્નશીલ રહેતા હતા. આપણે યુવાનો એ તેમનાં જીવનમાંથી હંમેશા પ્રેરણા લેવી જોઈએ. તેમનો પ્રેમાળ અને બીજાની પરવા કરવાનો સ્વભાવ તેમને એક મહાન વ્યક્તિત્વ બનાવે છે.

હું તેમની સાથે થોડો સમય પસાર કરી શકવા માટેનો સદ્ભાગી રહ્યો છું. તેમના આ મહાન કાર્યમાં હું અને મારી ટીમ પોતાનું થોડુંક યોગદાન આપી શક્યા છીએ તે માટે અમે તેમના આભારી છીએ. ભગવાને તેમને કોઈ ચોક્કસ ઉદ્દેશ માટે જ આ ધરતી ઉપર મોકલ્યા હતા. તેમનો એક જ જીવનમંત્ર હતો કે શક્ય એટલા ગુજરાતી ભાષા પ્રેમીઓ સુધી આ પ્રોજેક્ટની સુવાસ પહોંચાડવી.  હાલમાં તેઓ સરકાર સાથે મળીને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ સુધી આ કાર્ય પહોંચાડવા માટે પ્રયત્નશીલ હતા. જો તેમનું આ સ્વપ્ન સાકાર થશે તો તેઓને એક સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપણે આપી શકીશું.

આપણે પ્રાર્થીએ કે વિશ્વના ખૂણે ખૂણે વસેલા વધુને વધુ ગુજરાતીઓ સુધી તેમણે કરેલું આ કાર્ય પહોંચે અને ભવિષ્યમાં વધુને વધુ ભાષાશાસ્ત્રીઓ તેના દ્વારા જન્મે.